Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૬–૬–૨૦૧૩**

સિન્ડિકેટની તાકીદની સભા ગુરૂવાર, તા.૬–૬–૨૦૧૩ના રોજ બપોરે ૩ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૬–૬–૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | હાજર |
| ૧૮. | ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૧૯. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |

૧. ઓકટોબર/ નવેમ્બર–૨૦૧૨ અને માર્ચ/ એપ્રિલ–૨૦૧૩ની લેવાયેલી પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ છપાવવા અંગે ગાલા પ્રોડકટ પ્રાઈવેટ લિમીટેડ, અમદાવાદનું ટેન્ડર મંજુર થયું હતું. સદરહું પાર્ટીએ આપેલ ઓર્ડર કરતાં નીચે જણાવેલ સંખ્યામાં ઉત્તરવહીઓ વધુ છાપી છે. જે યુનિવર્સિટી ખાતે મુકવામાં આવી છે.

| <u>૩૨ પેજીસ</u> | <u>પુરવણી</u> | <u>ગ્રાફવાળી પુરવણી</u> | <u>પ્રાયોગીક</u> |
|---|---|---|---|
| ૧૫,૨૫૦ | ૧૪,૦૦૦ | ૯૮,૦૦૦ | ૯,૦૦૦ |

ઓર્ડર કરતા વધુ છાપેલ ઉત્તરવહીઓ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.....

**(નોંધ :**– કરારની શરત નં – ૧૮ અનુસાર કોઈ પણ વધારાનું સાહિત્ય કોપી / ઉત્તરવહી/ પુરવણીઓ કોન્ટ્રાકટર પોતાના કબજામાં રાખી શકશે નહીં.**)**

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબની સમિતિ બનાવવી અને સદર બાબતે અંતિમ નિર્ણય સદર સમિતિએ લેવો.**
**(૧) શ્રી પરેશ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૨. શ્રી રામકૃષ્ણ ઈનસ્ટી. ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સના નિયામકશ્રી ધ્વારા તેમના તા.૯–૫–૨૦૧૩ના પત્ર ક્રમાંક : આર. કે. / ૧૩૯/ ૨૦૧૩–૧૪થી કોલેજમાં ચાલતા નીચેના અભ્યાસક્રમો માટે નિયત ઈન્ટેકના ૧૦ ટકા વધુ પ્રવેશ બેઠકો અનુસ્નાતક અભ્યાસ સામે દર્શાવેલ વિષય મુજબ મંજૂર કરવા વિનંતી કરેલ હોય જે પર વિચારણા કરવા અંગે.

| **ક્રમ** | **કોર્ષનું નામ** | **ઈન્ટેક** | **૧૦ ટકા મુજબ વધુ પ્રવેશ બેઠકની વિનંતી** |
|---|---|---|---|
| ૧. | M.Sc. Microbiology | ૩૦ | ૩ |
| ૨. | M.Sc. Biotechnology (5 Yrs) | ૬૦ | ૬ |
| ૩. | M.Sc. Computer Application | ૪૦ | ૪ |
| ૪. | M.Sc. Environmental Science (Application for New Affiliation | ૨૦ | ૨ |

નોંધ : નિયામકશ્રીની વિનંતી સંદર્ભમાં ઉપરોકત ક્રમાંક (૪) મુજબનો અભ્યાસક્રમના જોડાણ સાર્વજનિક એન્જિ. કોલેજ (ટાઈફેક) સુરતમાં ચાલતો અભ્યાસક્રમ સદર કોલેજમાં ટ્રાન્સફર કરવાની સાર્વજનિક એજયુકેશન સોસાયટીની વિનંતી સંદર્ભમાં નિયુકત સમિતિનો અહેવાલ સિન્ડિકેટની તા.૨૦–૫–૨૦૧૩ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૨૨) અન્વયે સ્વીકારેલ ન હોય એટલેકે અભ્યાસક્રમ ટ્રાન્સફર કરેલ ન હોય તે પરત્વે વિચારવાનું રહેતું નથી.

(અનુસ્નાક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી રામકૃષ્ણ ઈનસ્ટી. ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સના નિયામકશ્રી ધ્વારા તેમના તા.૯–૫–૨૦૧૩ના પત્ર ક્રમાંક : આર. કે. / ૧૩૯/ ૨૦૧૩–૧૪થી કોલેજમાં ચાલતા ઉપરોકત અભ્યાસક્રમો માટે નિયત ઈન્ટેકના ૧૦ ટકા વધુ પ્રવેશ બેઠકો અનુસ્નાતક અભ્યાસ સામે દર્શાવેલ વિષય મુજબ મંજૂર કરવા કરેલ વિનંતી નામંજૂર કરવી.**

૩. એમ. એસસી. (સાયબર સિકયુરીટી)ના અભ્યાસક્રમ અંગે કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાએ તેની તા.૦૯–૦૫–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલને તેની તા.૧૦–૦૫–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૨૮ અન્વયે સ્વીકારેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની તા.૦૯–૦૫–૨૦૧૩ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એસસી. (સાયબર સિકયુરીટી)ના અભ્યાસક્રમના માળખાને સ્વીકારવામાં આવે છે અને આ અભ્યાસક્રમ ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સમાં ચાલુ કરવા માટે સૈધ્ધાંતિક સ્વીકાર કરી માળખાને મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમીક કાઉન્સિલની તા.૧૦–૦૫–૨૦૧૩ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૨૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની તા.૦૯–૦૫–૨૦૧૩ની સભાની ભલામણ ક્રમાંક : ૩ યથાવત સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની તા.૧૦–૦૫–૨૦૧૩ની સભાનો ઉપરોકત ઠરાવ ક્રમાંક : ૨૨૮નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત વિભાગને અભિનંદન પાઠવવા.**

૪. સુરત શહેરની વિવિધ છ કોલેજોના જી. એસ.ની સંયુકત સહીથી તા.૪–૬–૨૦૧૩ના રોજ મળેલ આ સાથે સામેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ પુરતી સદર પરીક્ષાઓ લેવી ઉપરાંત First Yearના વાર્ષિક પધ્ધતિ (Yearly System) વાળા વિદ્યાર્થીઓની પણ ચાલુ શૈક્ષણિક વર્ષ પુરતી ઓકટોબરમાં પરીક્ષાઓ અંતિમ વખત લેવી.**

૫. એમ. કોમ. ઓનર્સ (૫ વર્ષીય ઈન્ટીગ્રેટેડ) અભ્યાસક્રમની પ્રવેશની સંખ્યા ૬૦ હોય તેમજ અભ્યાસક્રમનો કાર્યભાર વિષય દીઠ ૩ ને બદલે ૪ ક્રેડીટ તેમજ ટ્રેનીગ ફરજીયાત હોય જે અવલોકનમાં લેતા કે. પી. કોમર્સ કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૭–૫–૨૦૧૩ના પત્ર ક્રમાંક : ૯૫/ ૨૦૧૩–૧૪થી હાલમાં સદરહું અભ્યાસક્રમ ગ્રાન્ટ ઈન એઈડ મકાનમાં ચાલતો હોય તેથી નિર્ધારીત રૂા.૮૫૦૦/–ના સ્થાને ૨૦ ટકા ઓછી ફી રૂા.૬૮૦૦/– (પ્રવેશ ઈન્ટેક ૧૦૦ ધ્યાનમાં લઈ) લેવામાં આવેલ છે, જે ફી પ્રવેશ ઈન્ટેક ૬૦ ધ્યાનમાં લેતા અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂા.૨૨૫૦૦/– મંજૂર કરવા વિનંતી કરેલ છે, જે વિનંતી પર વિચારણા કરવા અંગે.

નોંધ : સદરહું સ્વનિર્ભર અભ્યાસક્રમની ઓ. ૧૨૮(૨) માં ફી નિયત કરેલ નથી.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ. કોમ. ઓનર્સ (૫ વર્ષીય ઈન્ટીગ્રેટેડ)નો અભ્યાસક્રમ જો મંજૂર થયેલો ન હોય તો જે તે સત્તા મંડળમાં પાસ કરાવવો તથા આ અભ્યાસક્રમની પ્રતિ શૈક્ષણિક વર્ષ વિદ્યાર્થી દીઠ ફી રૂા.૧૫,૦૦૦/– પ્રતિ વર્ષ નકકી કરવી.**

૬. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ એમ બે વર્ષ માટે કેન્ટીન ચલાવવાના કામનો કોન્ટ્રાકટ મે.હરી ૐ કેટરર્સને સોંપવામાં આવેલ હતો. પ્રસ્તુત કોન્ટ્રાકટ વધુ બે વર્ષ માટે જૂના ટેન્ડરના ભાવ અને શરતોને આધીન રીન્યુ કરવા અંગેના આ સાથે સામેલ મે. હરી ૐ કેટરર્સના તા.:૦૫–૦૬–૨૦૧૩ના રોજના મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મે.હરી ૐ કેટરર્સનો યુનિવર્સિટી કેમ્પસ ખાતે કેન્ટીન ચલાવવાના કામનો કોન્ટ્રાકટ વધુ બે વર્ષ માટે જૂના ટેન્ડરના ભાવ અને શરતોને આધીન રીન્યુ કરવો તથા જૂના ટેન્ડરના ભાવમાં ભાવ તાલ માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૭. રાજય સરકારશ્રીના Thursday, March, 15, 2012/ PHALGUNA 25, 1933 ના રોજ પ્રસિધ્ધ થયેલ The Gujarat Government Gazette અંતર્ગત "the Vir Narmad South Gujarat University" શબ્દોને Veer Narmad South Gujarat University" થી બદલવામાં આવેલ છે. જે અંગેની નોંધ લેવા બાબત.

(યુ.જી.સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી અને માનનીય કુલપતિશ્રીને સદર બાબત અંગે અભિનંદન પાઠવવા.**

૮. યુ. જી. સી., ન્યુ દિલ્હીના સેક્રેટરી ડૉ.અખિલેશ ગુપ્તાના (1) (Promotion of Equity in Higher Educational Institutions) Regulations, 2012 (2) UGC (Mandatory Assessment and Accreditation of Institutions) Regulations, 2012 (3) Specification of B.Voc Degree અંગેના તારીખ : ૨૫–૦૪–૨૦૦૩ના પત્ર ક્રમાંક : D.O. No. 14-3/ 2012 (CPP-II) ની નોંધ લેવા બાબત.

(યુ.જી.સી.)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯. સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલે તેમના તા.૨૭–૫–૨૦૧૩ના પત્રથી શહેરની ત્રણ કોલેજોમાં ચાલતા પ્રથમ વર્ષ સાયન્સ અને કોમર્સમાં હાયર પેમેન્ટનું વધારાનું એક–એક ડિવિઝન ફાળવવા તથા સંલગ્ન અન્ય સાયન્સ અને કોમર્સ કોલેજોમાં પણ વધારાનું ડિવિઝન ફાળવવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(આ.ડૉ. અશ્વિનભાઈ પટેલની અરજી પર સિન્ડિકેટ સભ્યશ્રી વિક્રમભાઈ દેસાઈ, આ. જે. એમ. નાયક, પ્રો.અપૂર્વભાઈ દેસાઈ, મેજર ઉન્મેષ પંડયાએ પણ સંયુકત સહી કરી છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલે તેમના તા.૨૭–૫–૨૦૧૩ના પત્રથી શહેરની ત્રણ કોલેજોમાં ચાલતા પ્રથમ વર્ષ સાયન્સ અને કોમર્સમાં હાયર પેમેન્ટનું વધારાનું એક–એક ડિવિઝન ફાળવવા તથા સંલગ્ન અન્ય સાયન્સ અને કોમર્સ કોલેજોમાં પણ વધારાનું ડિવિઝન ફાળવવા કરેલ વિનંતી અંતર્ગત ધોરણ – ૧૨ સાયન્સનું પરિણામ ૯૪ ટકા જેટલું ઉંચુ આવ્યું હોવાથી વિદ્યાર્થીઓનો ધસારો જોતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સાયન્સ કોલેજીસમાં હાયર પેમેન્ટની વર્ગ દીઠ વધારાની ૩૦ એટલે કે ૧૩૦ (GIA)+ ૩૦ HP ની સંખ્યા ફાળવવાની તથા કોલેજીસમાં આચાર્યશ્રી માંગણી કરે તો જે તે મુજબ વર્ગ વધારો હાયર પેમેન્ટનો કે સ્વનિર્ભરનો મંજૂર કરવો તથા સાયન્સ સ્વનિર્ભર ડીવિઝન હોય તો વિદ્યાર્થી દીઠ રૂા.૧૦,૦૦૦/– પર સેમેસ્ટર ફી રાખવી તથા હાયર પેમેન્ટ ડીવિઝન હોય તો વિદ્યાર્થી દીઠ રૂા.૭,૫૦૦/– પર સેમેસ્ટર ફી રાખવી તથા ડિવિઝન આપવા અંગેના અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૦. શ્રી સ્વામીનારાયણ સેવાનિકેતન, અંકલેશ્વર સંચાલિત સ્વામી કૃષ્ણસ્વરૂપશાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, અંકલેશ્વરની **શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪** માટે **સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. અને બી.કોમ.** નું **નવું જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૦–૫–૨૦૧૩નાં રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૮) અન્વયે નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(વધુમાં જણાવવાનું કે, નીચે જણાવેલ કોલેજોમાં પણ વેરીફીકેશન કમિટિ હોઈ, હજુ સુધી તેઓના અહેવાલ કાર્યાલયમાં આવેલ / આવનાર હોઈ, ધોરણ –૧૨ સાયન્સ અને કોમર્સના પરિણામો આવી ગયા હોઈ, પ્રવેશ અને જોડાણ અંગેની કામગીરી આગળ વધારી શકાય આ ઉપર વિચારણા કરવા બાબત)

| ક્રમ | ટ્રસ્ટ/ સંસ્થાનું નામ | કોલેજ/ સંસ્થાનું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|---|
| (૧) | પ્રમુખશ્રી ,<br>શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, અશ્રકતાશ્રમ કોમ્પ્લેક્ષ, રામપુરા, સુરત | ટી.એન્ડ ટી.વી. સ્કુલ ઓફ નર્સિંગ, અશ્રકતાશ્રમ, રામપુરા સુરત. | બી.એસસી. (નર્સિંગ) |
| (૨) | ધી સુરત ટેકનીકલ એજ્યુકેશ એન્ડ રીસર્ચ સોસાયટી, શ્રીમતી કલાવતી બેન એફ. વખારીયા એજયુકેશન કોમ્પલેક્ષ ડુમસ રોડ, વેસુ, સુરત | ધી સુરત ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ડુમસ રોડ, સુરત | બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) |
| (૩) | શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી–૩૯૬૨૩૦. | શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગ, વિનોબા ભાવે હોસ્પિટલ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી | બી.એસસી.(નર્સિંગ) |
| (૪) | શ્રીમતી શાન્તાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ, લક્ષ્મી વિદ્યાપીઠ, પી.ી.નં.૧૫, સરીગામ, વલસાડ. | **લક્ષ્મી ઈન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ, સરીગામ, વલસાડ.** | **બી.કોમ.** |
| (૫) | તક્ષશિલા વિદ્યાપીઠ સંસ્થાન, વડોદરા–૧૯. | **તક્ષશિલા કોલેજ, વડોદરા.** | **બી.બી.એ.** |
| (૬) | બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, વેલ્ફેર કોમ્પલેક્ષ, ભરૂચ–જંબુસર, ભરૂચ | **વેલ્ફેર ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ એન્ડ મીડવીફરી, ભરૂચ.** | **પોસ્ટ બેઝિક બી.એસસી. (નર્સિંગ) ડિગ્રી કોર્ષ** |
| (૭) | અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, નવસારી. | **એસ.એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારી** | ફિઝિયોથેરાપી |

**3.1.1. undisputed ownership and possession of land measuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas;**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામીનારાયણ સેવાનિકેતન, અંકલેશ્વર સંચાલિત સ્વામી કૃષ્ણસ્વરૂપશાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, અંકલેશ્વરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. અને બી.કોમ.નું નવું જોડાણ તથા લક્ષ્મી ઈન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ, સરીગામ, વલસાડનું શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. કોમનું નવું જોડાણ તથા એસ.એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીનું શૈક્ષણિક વર્ષ:૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફીઝીયોથેરાપી નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૦–૫ –૨૦૧૩નાં રોજ મળેલ સભાના ઠરાવો અન્વયે નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિનો હકારાત્મક અહેવાલ હોય તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન નવુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવે પછી આવનાર ઉપરોકત બાકી રહેતી કોલેજોના કે અન્ય તમામ તપાસ કે ચકાસણી સમિતિના અહેવાલો હકારાત્મક હોય તો જોડાણ આપવા અંગેની અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૧. એચ. આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની શૈક્ષણિક વર્ષ: ૨૦૧૩–૨૦૧૪ માટે અભ્યાસક્રમનું એસ.વાય. બી.કોમ. (વધારાના વિષય) નું ચાલુ જોડાણ **(તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪)** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૦૧–૨૦૧૩ ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે એસ.વાય. બી.કોમ. વધારાના વિષયનું જોડાણ (તા. ૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬–૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | એચ. આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી | એસ. વાય. બી.કોમ. વધારાના વિષયનું જોડાણ | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) સંસ્થા પાસે કાયમી જોડાણ નથી તેથી કાયમી જોડાણ મેળવવાની કાર્યવાહી બનતી ત્વારાએ પૂર્ણ કરવાની રહેશે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એચ. આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે ઉપરોકત દર્શાવેલ વિગતે બી.કોમ. (વધારાના વિષય)નું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન એસ. વાય. બી.કોમ.માં આંકડાશાસ્ત્ર (મુખ્ય) વધારાના વિષયનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે વધારાનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

**વધુમાં, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૬–૪–૨૦૧૩ના પત્રાંકઃ દગજ/ ૨૦૧૨/ ૧૦૪૬/ ખ–૧માં જણાવ્યા મુજબ રાજય સરકારની સૈધ્ધાંતિક પૂર્વ અનુમતિ મેળવ્યા બાદ જ પ્રવેશો આપવા.**

૧૨. શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, પરવતગામ, સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **આર્ટસ અને કોમર્સ નું ચાલુ જોડાણ (તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪)** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૦૧–૨૦૧૩ ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **આર્ટસ અને કોમર્સનું નું ચાલુ જોડાણ** (તા. ૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬–૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, (હિન્દી માધ્યમ) પરવતગામ, સુરત | બી.એ. અને બી.કોમ. | ચાલુ જોડાણ તથા એફ.વાય. બી.કોમ.નો અંગ્રેજી માધ્યમમાં વધારાના વર્ગનું ચાલુ / ક્રમશઃ વધારાનું જોડાણ | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) અંગ્રેજી, સ્ટેટીસ્ટીક, બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, બેકિંગ વિષયોમાં કાયમી ધોરણે અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

(૨) વિનયન માટે પોલિટીકલ સાયન્સ અને અર્થશાસ્ત્ર વિષયોમાં કાયમી ધોરણે અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

(૩) અધ્યાપકોને છઠ્ઠો (૬) પગાર પંચ પ્રમાણે વેતન આપવું.

(૪) કોલેજનું બિલ્ડીગ જે બની રહયું છે તે સત્વરે પુરું કરવું.

(૫) યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવું.

(૬) ગ્રંથાલયમાં પાઠયપુસ્તકો અને સંદર્ભગ્રંથો જરૂરિયાત મુજબ રૂા.૫૦,૦૦૦/– ના ખરીદવા તથા વિવિધ વિષયોને અનુલક્ષીને કુલ સામાયિકો રૂા.૧૦,૦૦૦/– ના પ્રતિ વર્ષ ખરીદવા.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, (હિન્દી માધ્યમ) પરવતગામ, સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એ. અને બી. કોમ.નું ચાલુ જોડાણ તથા એફ.વાય. બી.કોમ.નો અંગ્રેજી માધ્યમમાં વધારાના વર્ગનું ચાલુ / ક્રમશઃ વધારાનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૧૩. એસ. બી. ગાર્ડા કોલેજ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) એડિશનલ ડિવિઝનન નું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.કોમ (અંગ્રેજી માધ્યમ) (એડીશનલ ડિવિઝન)** નું જોડાણ નહી આપવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | એસ. બી. ગાર્ડા કોલેજ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી | બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) | એડિશનલ ડિવિઝનનું ચાલુ જોડાણ | **વધારાના વર્ગ આપવા માટેની સમિતિ સ્પષ્ટ ભલામણ કરતી નથી.** |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કોલેજ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમનું ઉપરોકત દર્શાવેલ વિગતે બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) એડિશનલ ડિવિઝનનુ ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ નકારાત્મક હોઈ તેથી બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) એડિશનલ ડિવિઝનનુ ચાલુ જોડાણ નામંજૂર કરવું.**

૧૪. મણિબા–ભૂલા નર્સિંગ કોલેજ, બારડોલી ની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ) નું ચાલુ / ક્રમશઃ વધારાનું જોડાણ **(તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪)** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ) નું ચાલુ / ક્રમશઃ વધારાનું જોડાણ (તા. ૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬–૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | મણિબા – ભૂલા નર્સિંગ કોલેજ, બારડોલી | **બી.એસસી. નર્સિંગ (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | **ચાલુ/ ક્રમશઃ વધારાનું જોડાણ** | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) આઈ.એન. સી. અને જી.એન.સી.સી.ની માન્યતા ૨૦૧૩–૧૪ નાં વર્ષ માટે મેળવવી.
(૨) કાયમી વાઈસ પ્રિન્સીપલ નીમવા.
(૩) યુ.જી.સી.નાં ધારા ધોરણ પ્રમાણે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને પગાર ચૂકવવો.
(૪) દર વર્ષે બુકસ માટે બજેટ ફાળવવું.
(૫) વખતો વખત યુનિવર્સિટીના તમામ નિયમોનું પાલન કરવું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મણિબા–ભૂલા નર્સિંગ કોલેજ, બારડોલી ની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું ચાલુ / ક્રમશઃ વધારાનું જોડાણ મેળવવા માટે ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. નર્સિંગ ચાલુ ક્રમશઃ વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. નર્સિંગ ચાલુ ક્રમશઃ વધારાનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

**વધુમાં ઉપરોકત શરત નં. ૨ને નીચે મુજબ સુધારવી.**

**(૨) કાયમી પ્રિન્સીપલ નીમવા.**

૧૫. પ્રો.જયેશભાઈ દેસાઈ, ભુતપૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો તા.૪–૫–૨૦૧૩નો તેમના સ્વ.પત્નિ શ્રીમતી રેણુકાબેન જયેશભાઈ દેસાઈના નામે બે પારિતોષિકો આપવાના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બે પારિતોષીકો આપવા તથા દાતાશ્રીનો આભાર માનવો.**

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **M.B.A. Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Assistant Professor (ST-1 and SEBC-1)** ની જગાઓ ભરવા **Ordinance–37** હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી M.B.A. Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Assistant Professor (ST-1 and SEBC-1) ની જગાઓ ભરવા Ordinance–37 હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**

**<u>Assistant Professor (ST-1 and SEBC-1)</u>**
**Not found suitable candidate.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે જગ્યાઓ માટે કોઈ યોગ્ય ઉમેદવારો મળ્યા નથી ત્યાં સત્વરે પુનઃ જાહેર ખબરો આપી ભરતીની કાર્યવાહી હાથ ધરવી તથા આ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં જો વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે તો સૌથી છેલ્લા આવનારા શૈક્ષણિક કર્મચારીઓને વિદ્યાર્થીના ઘટાડાને ધ્યાને રાખી પસંદગીના ક્રમવાર એટલેકે શ્રેયાનતા મુજબ સૌથી જુનીયરને નિયમાનુસાર છુટા કરવાનું રાખવું. હાલ થયેલ આ ભરતી પ્રક્રિયામાં (પસંદગી પામેલા) નિમણૂંકો કઈ રીતે આપવી તે માટે નીચેના સભ્યોની સમિતિ પર નિમણૂંક કરવી.**
**(૧) આ.ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ (૨) ડૉ. કિરણભાઈ પંડયા**

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **M.H.R.D. Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Assistant Professor (SC-1 and Open-1)** ની જગાઓ ભરવા **Ordinance–37** હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી M.H.R.D. Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Assistant Professor (SC-1 and Open-1) ની જગાઓ ભરવા Ordinance–37 હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબના ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.**

**<u>Assistant Professor - SC-1 Post</u>**

**1. Dr. Madhusudan Maganlal Raj.**

**<u>Assistant Professor - OPEN-1 Post</u>**

**1. Dr. Smruti Bakul Bulsari.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉમેદવારની અગાઉની શિક્ષક તરીકેની નોકરીનો પગાર નિયમાનુસાર રક્ષિત કરવો.**

૧૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **M.C.A. Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Assistant Professor (Open-1)** ની જગા ભરવા **Ordinance–37** હેઠળ તા.૬–૫ –૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી M.C.A. Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Assistant Professor (Open-1) ની જગા ભરવા Ordinance–37 હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ નો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**

**Assistant Professor - OPEN-1 Post**

**Not found suitable candidate.**

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **Bachelor of Fine Arts Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Assistant Professor (Open-1)** ની જગા ભરવા **Ordinance–37** હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી Bachelor of Fine Arts Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Assistant Professor (Open-1) ની જગા ભરવા Ordinance–37 હેઠળ તા.૬–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ નો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**
**Assistant Professor - OPEN-1 Post**
**Not found suitable candidate.**

૨૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **M.Sc. Chemistry Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Assistant Professor (SEBC-1 and Open-2)** ની જગાઓ ભરવા **Ordinance–37** હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી M.Sc. Chemistry Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Assistant Professor (SEBC-1 and Open-2) ની જગાઓ ભરવા Ordinance–37 હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ નો સ્વીકાર કરવો.**
**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**
**Assistant Professor - (SEBC-1 and Open-2) Post**
**Not found suitable candidate.**

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી **M.Ed. Self Finance Progarmme** હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક **Associate Professor (Opne-1) and Assistant Professor (SEBC-2 and Open-1)** ની જગાઓ ભરવા **Ordinance–37** હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ કોર્ષ/ પ્રોગ્રામ પૈકી M.Ed. Self Finance Progarmme હેઠળ કાયમી સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક Associate Professor (Opne-1) and Assistant Professor (SEBC-2 and Open-1) ની જગાઓ ભરવા Ordinance–37 હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**

**<u>Associate Professor - Open-1 Post</u>**

**Not found suitable candidate.**

**<u>Assistant Professor - SEBE-2 Post</u>**

**Not found suitable candidate.**

**<u>Assistant Professor - Open-1 Post</u> ની પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબના પસંદગી ક્રમમાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.**

**1. Dr.Kirti Dhansukhlal Matliwala**

**2. Dr.Anil Ranapratap Singh**

**3. Dr.Ruchaben Narendrabhai Desai**

૨૨. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ હેઠળ ચલાવવામાં આવતાં UGC-XII plan અંતર્ગત Center for the Study of Social Exclusion and Inclusive Policy (CSSEIP) માટે Contractual (up to 31-3-2017) શૈક્ષણિક Assistant Professor cum Assistant Director (3-posts) and Research Associate (2-posts) ભરવા Ordinance–37 હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ હેઠળ ચલાવવામાં આવતાં UGC-XII plan અંતર્ગત Center for the Study of Social Exclusion and Inclusive Policy (CSSEIP) માટે Contractual (up to 31-3-2017) શૈક્ષણિક Assistant Professor cum Assistant Director (3-posts) and Research Associate (2-posts) ભરવા Ordinance–37 હેઠળ તા.૭–૫–૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણ નો સ્વીકાર કરવો.**

**પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબના ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.**

**Assistant Professor Cum Assistant Director- 3 Post**

**1. Dr.Shital Jimmy Tamakuwala**

**2. Ms.Dhanuben Dashrathbhai udage**

**Research Associate - 2 Post માટે પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.**

**Not found suitable candidate.**

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોના શૈક્ષણિક કર્મચારીઓને નાંણાકીય લાભો આપવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને હવે પછીથી એલ. ટી. સી. નો લાભ આપવો નહીં તથા પગાર સંબંધિત અન્ય તમામ લાભો નિયમાનુસાર આપવા.**

૨૪. યુનિવર્સિટી સંલગ્ન શ્રી પુરૂષોત્તમ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, કીમ, જિઃ સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર **અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ. ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સોસાયટીના પ્રમુખશ્રીએ તેમના તા.૨૯–૫–૨૦૧૩ના પત્ર ક્રમાંકઃ 0149 થી સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ અટકાવવાના નિર્ણય અંગે પુનઃ વિચારણા કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** સિન્ડિકેટ તા.૨૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૮૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પુરુષોત્તમ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, કીમ, જિઃ સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ અને બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સદંર્ભમાં ઉપરોકત બી.એ. અને બી.કોમ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવા નહીં અને ક્રમશઃ કોલેજ બંધ કરવી. )**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન શ્રી પુરૂષોત્તમ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, કીમ, જિઃ સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ. ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સોસાયટીના પ્રમુખશ્રીએ તેમના તા.૨૯–૫–૨૦૧૩ના પત્ર ક્રમાંકઃ** 0149 **થી સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ અટકાવવાના નિર્ણય અંગે યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ. અને બી.કોમ. ચાલુ જોડાણ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી લેવાની શરતે ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

**અધ્યક્ષશ્રીની સંમંતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૨૫. યુ. જી. સી. ન્યુ દિલ્હીના જોઈન્ટ ડાયરેકટર ડૉ.કે.સી. પાઠકના પત્ર ક્રમાંક : F.1-12/2006 (SCT), dt. 29-05-2013 થી યુ. જી. સી.ના ૧૨માં પ્લાન અંતર્ગત " Discontinuation of Centre of Centre for Study of Social Exclusion and Inclusive Policy " ના પત્રની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: **સદર બાબતની નોંધ લેવી.**

૨૬. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગર્લ્સ હોસ્ટેલ માટે " મેશ " ચલાવવા માટે ગત વર્ષના કોન્ટ્રાકટર મે. શિવાની કેટરર્સ તરફથી યુનિવર્સિટી જે ભાવ નકકી કરે તે ભાવથી કામગીરી કરવા વધુ એક તક આપવા કરેલ વિનંતી પત્ર પર વિચારણા કરવા બાબત.

(ર્ગલ્સ હોસ્ટેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અગાઉની સિન્ડિકેટે ટેન્ડરીંગથી થયેલ કાર્યવાહી અંતર્ગત L-1 વાળી પાર્ટીને આપેલ કામગીરીને યથાવત રાખવી.**

૨૭. સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન આર્ટ એન્ડ આર્કીટેકચર, પીપલોદ, સુરત માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન** નું ચાલુ જોડાણ (તા. ૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬–૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન આર્ટ એન્ડ આર્કીટેકચર, પીપલોદ, સુરત | **બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | **ચાલુ જોડાણ** | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) અધ્યાપકોની બે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવી.
(૨) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૦–એ તથા ૬૯–બી નું પાલન કરવું.
(૩) વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટની વ્યવસ્થા કરવી.
(૪) વિદ્યાર્થીઓ માટે Sports રૂમની વ્યવસ્થા કરવી.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન આર્ટ એન્ડ આર્કીટેકચર, પીપલોદ, સુરતની માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન નું ઉપરોકત દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૨૮. સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, ભટાર રોડ, સુરત માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ. (હોમિયોપેથીક) નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતને આધીન તેમજ **એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૩૭) અન્વયે, એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં,** સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.એચ.એમ.એસ. (હોમિયોપેથીક)** નું ચાલુ જોડાણ (તા. ૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬–૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **કોલેજનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણનો પ્રકાર** | **સમયગાળો** |
|---|---|---|---|---|
| ૧. | સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, ભટાર રોડ, સુરત | **બી.એચ.એમ.એસ. (હોમિયોપેથીક) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | **ચાલુ જોડાણ** | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) નિયમિત આચાર્યની સત્વરે ભર્તી કરવી.
(૨) દરેક ડિપાર્ટમેન્ટમાં ડિપાર્ટમેન્ટલ હેડની કેબીન સત્વરે બનાવવી.
(૩) પુસ્તકાલયમાં વધુ પુસ્તકોની ખરીદી કરવી.
(૪) ગર્લ્સ રૂમની વ્યવસ્થા યોગ્ય રીતે કરવી.
(૫) સ્ટાફ રૂમની વ્યવસ્થા યોગ્ય રીતે કરવી.
(૬) C.C.H. ના નિયમો અને ધારા ધોરણોનું પાલન કરવું.
(૭) ઓગસ્ટ–૨૦૦૮ માં આવેલી બાંહેધરી પ્રમાણે બાકી રહેલું તમામ કાર્ય પૂર્ણ કરવું.
(૮) યુનિવર્સિટીના વખતો વખતના તમામ ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું.
(૯) વર્ગખંડની મરામત કરાવવી.
(૧૦) બિન શૈક્ષણિક સ્ટાફની તથા શૈક્ષણિક સ્ટાફની C.C.H. ના નિયમ મુજબ યોગ્ય નિમણૂંક કરી યોગ્ય પગાર કરવો.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, ભટાર રોડ, સુરત માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ. (હોમિયોપેથીક) નું ઉપરોકત દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ. (હોમિયોપેથીક)નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૨૯. હરી જયોત કોલેજ ઓફ ઓપ્ટ્રોમેટ્રી, નવસારી શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. ઓપ્ટ્રોમેટ્રીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬)અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલી સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનીક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતોને આધીન તેમજ એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ(૨૩૭) અન્વયે, **એકેડેમિક કાઉન્સિલ વતી નિર્ણય લેવાની સત્તા તથા સિન્ડિકેટની તા.૨૦–૫–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) અન્વયે સિન્ડિકેટ વતી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપતાં, સદરહું કોલેજને શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૨૦૧૪ ના એક વર્ષ માટે તા.૧૫–૬–૨૦૧૩ થી ૧૪–૬–૨૦૧૪ સુધીનું સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. ઓપ્ટ્રોમેટ્રીનું ચાલુ જોડાણ** (તા.૧૫–૬–૨૦૧૩ થી તા. ૧૪–૬ –૨૦૧૪) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **કોલેજનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણનો પ્રકાર** | **સમયગાળો** |
|---|---|---|---|---|
| ૧. | હરી જયોત કોલેજ ઓફ ઓપ્ટ્રોમેટ્રી, નવસારી | **બી. ઓપ્ટ્રોમેટ્રી (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | **ચાલુ જોડાણ** | તા.૧૫–૬–૨૦૧૩ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**શરતો :**

(૧) યુનિવર્સિટીના ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હરી જયોત કોલેજ ઓફ ઓપ્ટ્રોમેટ્રી, નવસારીની માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. ઓપ્ટ્રોમેટ્રીનું ઉપરોકત દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમા સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, નિયુકત કરેલ સ્થાનીક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ ઉપર મુલાકાત, લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ હકારાત્મક હોઈ તેથી તેનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. ઓપ્ટ્રોમેટ્રીનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૩૦. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં મુલાકાતી અધ્યાપકોનું મહેનતાણું વધારવા બાબતના સિન્ડિકેટ સભ્યોશ્રીઓની સંયુકત સહીથી આવેલ તા.૬–૬–૨૦૧૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક/ વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સભ્યશ્રીઓના પત્રમાં દર્શાવેલ માંગણી સ્વીકારી અને તે મુજબ મુલાકાતી શિક્ષકોને વ્યાખ્યાન દીઠ રૂા.૩૦૦/– (મુસાફરી ભથ્થા સહિત) તથા દસ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવનાર અધ્યાપક/ મીડલ લેવલ મેનેજરને વ્યાખ્યાન દીઠ રૂા.૫૦૦/– તથા પ્રોફેસર/ સિનિયર લેવલ મેનેજરને વ્યાખ્યાન દીઠ રૂા.૭૫૦/– ચૂકવવા મંજૂરી આપવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૩૧. કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે પુસ્તકોની ખરીદી બાબતના સિન્ડિકેટ સભ્યોશ્રીઓની સંયુકત સહીથી આવેલ તા.૬–૬–૨૦૧૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સભ્યશ્રીઓની વિનંતી ગ્રાહ્ય રાખવી અને તે મુજબ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં જે તે અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરને પુસ્તકો ખરીદવાની સત્તા આપવી.**

**(પરિશિષ્ટ : " ખ")**

૩૨. શ્રી ભાવેશ રબારી (સેનેટ મેમ્બર) વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવા અંગેના તા.૫–૬–૨૦૧૩ના પત્ર માં દર્શાવેલ વિવિધ મુદ્દાઓ ઉપર વિચારણા કરવા બાબત.

**૩૨.૧.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે લેવામાં આવતી એસ.વાય.બી.કોમ., બી. એસસી. તથા બી.એ. ની પરીક્ષામાં નાપાસ થયા હોય અને ટી.વાય.બી. કોમ., બી. એસસી. તથા બી.એ.ની પરીક્ષામાં પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને વધુ એક ટ્રાયલ મળે તે હેતુ સબબ આપશ્રી ટી.વાય.બી.કોમ., બી.એસસી. તથા બી.એ.માં નાપાસ વિદ્યાર્થીઓની જે પરીક્ષા ઓકટોબર માસમાં લેવાય છે સાથે સાથે એસ.વાય.બી.કોમ., બી.એસસી. તથા બી.એ.ની પણ પરીક્ષા ચાલુ વર્ષ દરમ્યાન જ લઈ લેવા વિનંતી.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,સદર બાબતનો સ્વીકાર ઉપરોકત બાબત નં. ૪ થી સ્વીકાર થયેલ છે તે મુજબ ઘટતું કરવું.**

**૩૨.૨.** સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ વિદ્યાર્થીઓને પોતાની આન્સરબુક જોવા માટે આપવી.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે યુનિવર્સિટીએ સમિતિ બનાવેલ હોય, તે સમિતિના અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવી.**

**૩૨.૩.** એફ.વાય.બી. એસસી.માં સુરતની તમામ કોલેજોમાં પ્રવેશ કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવે. જેથી આવી કોલેજોમાં ડોનેશનની પ્રથા નાબુદ કરી શકાય.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષથી સુરત શહેરની કેન્દ્રિય પ્રવેશ સમિતિ બનાવવી.**

**૩૨.૪.** પરીક્ષા આચાર સમિતિમાંથી સિન્ડિકેટ સભ્યને દુર કરી કોલેજોના આચાર્ય, યુનિ.ડીપા.ના હેડ તથા શિક્ષકોની નિમણુંક કરવી.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત નામંજૂર કરવી.**

**૩૨.૫.** બી.કોમ., બી.બી.એ. તથા બી.સી.એ.ની કેન્દ્રિય પ્રવેશ સમિતિમાં જે ફેકલ્ટી સાથે કોઈપણ જાતનો સંબંધ ન હોય તેવા કલ્પેશ રાવલને પ્રવેશ સમિતિના સભ્યો તરીકેની નિમણુંક રદ કરવી.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત નામંજૂર કરવી.**

**૩૨.૬.** જો યુનિ. વિપુલ સોમાણી, ડૉ.હરીશ, પરવેઝ અબ્બાસી તથા એ.બી.વી.પી.નાં કાર્ય કર્તાઓ દ્વારા ચાલુ સેનેટમાં કરેલ તોડફોડ જેવા ગુનાઓને માફ કરી શકતી હોય તો વાપીની અચ્છારીવાળા કોલેજમાં પેપર ફોડવાના કેસમાં પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાની મંજુરી જયાં સુધી કોર્ટ તેઓને દોષિત ન માને ત્યાં સુધી આપવી જોઈએ.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે સિન્ડિકેટે કરેલ અગાઉના ઠરાવ મુજબ કાર્યવાહી કરવી.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૩૩. સિન્ડિકેટ સભ્યોની મૌખિક રજૂઆત અનુસાર શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, વરીયાવ, સુરતમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, વરીયાવ, સુરતમાં સ્થાનિક તપાસ સમિતિના અગાઉ નિયુકત કરેલ સભ્યો યથાવત રાખી નીચે મુજબના સભ્યોનો સદર સમિતિમાં સમાવેશ કરવો.**

**(૧) આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ (૨) શ્રી ગૌરાંગભાઈ વી. વૈદ્ય (૩) ડૉ.ધનેશ જી. વૈદ્ય**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોલેજનું એક્ષ્ટર્નલનુ સેન્ટર બંધ કરવું તથા પ્રથમ વર્ષના તમામ ડીવિઝનમાં ૫૦ ટકા સીટો કાપવી અને સ્થાનિક તપાસ સમિતિના રીપોર્ટના આધારે અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**
ક્રમાંક : એસ – ૧ (૧)/ ૭૫૯૪ /૨૦૧૩.
તા.૨–૭–૨૦૧૩.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**